# કૃષિ સંશોધન કેન્દ્ર, ડેરોલ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ, ડેરોલ ખાતે તા.૧૮/૦૮/૨૦૧૮ ના રોજ કેન્દ્રના વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. આર. જી. મછાર તથા મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક પ્રો. સી. બી. ડામોર અને પ્રો. જી. ડી. હડિયા, ખેતીવાડી અધિકારીશ્રીઓ તથા અન્ય ટેકનીકલ સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો. આ વૃક્ષારોપણ દરમ્યાન કેન્દ્ર ખાતેના આજુ બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં તથા શેઢા-પાળા ઉપર ફૂલછોડ તથા નાળિયેરી, બોટલપામ તથા ઔષધીય ઉપયોગી છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સર્વે કર્મચારી તથા અધિકારી મિત્રોએ આ કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક ભાગ લઇ વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવ્યો.



